શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

સાધુપણાંની શ્રેષ્ઠતા ત્યાગમાં કે વૈરાગ્યમાં ?

જૈનો જાગો રમેશ વેજાણી

લેખાંક : ૨૧

લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ

આપણે આગળના લેખાંકોમાં સંસારી અવસ્થાના અસદ્‌ગુરુઓ (કુગુરૂ)ની વિચારણા કરી. હવે આપણે ત્યાગી અસદ્‌ગુરૂઓ (કુગુરૂઓ) અને સુગુરૂઓની વિચારણા કરીએ.

જગતના સર્વ કુળોમાં સર્વ શ્રેષ્ઠ કુળ જૈન કુળ ગણાય. (જૈન કુળમાં જન્મેલા જીવને મોક્ષમાર્ગમાં પ્રવેશવાની ભુમિકાની સૌથી નજીકના સંજોગો (અનુકુળતા) જૈન કુળમાં પ્રાપ્ત થાય છે.) જૈન કુળમાં જન્મેલા જીવને જગતના મોક્ષમાર્ગના સર્વ ધર્મોમાં સર્વ શ્રેષ્ઠ મોક્ષમાર્ગની સમજણ આપેલો જૈન ધર્મ મળ્યો કહેવાય. (જૈન ધર્મના સ્થાપક ત્યાગ અને વૈરાગ્યના ફળસ્વરૂપે કેવળજ્ઞાની હોવાથી) જગતના સર્વ ધર્મોની ત્યાગી સંસ્થાઓમાં સર્વ શ્રેષ્ઠ ત્યાગી સંસ્થા જૈન ધર્મની કહેવાય. જગતના સર્વ ધર્મોના સાધુ, સાધ્વીઓના ત્યાગથી વિશેષ ત્યાગ અને કઠોર ત્યાગ જૈન ધર્મના સાધુ-સાધ્વીઓનો હોય છે. અને સાધનાના માર્ગેથી પડી ન જવાય એવા પ્રકારના નીતિ નિયમો (આહાર, વિહાર અને નિવાસના આચારો) જૈન ધર્મના સ્થાપક શ્રી તીર્થંકર પરમાત્માએ શાસ્ત્રમાં આપેલા છે. એ શાસ્ત્રમાં આપેલા આચારોમાં જે જીવો રહે તેને સદ્‌ગુરૂ, ઉપાધ્યાયજી અથવા સુપાત્ર કહેવાય અને જો એવા આચારોમાંથી દેશકાળનો આધાર લઈને સ્વચ્છંદીપણે વર્તે અને સાધુ સંસ્થાના આચારોને બાજુએ મુકે તો તે જીવને અસદ્‌ગુરૂ (કુગુરૂ) કહેવાય. (આ કાળ અને ક્ષેત્રમાં જન્મેલા જીવોનો દોષ છે, નહીં કે કાળ અને ક્ષેત્રનો).

જૈન ધર્મના ત્યાગી (સાધુ-સાધ્વી)ની વિચારણા કરીએ અને એમાં કોણ સદ્‌ગુરૂ (સુગુરૂ) અને કોણ અસદ્‌ગુરૂ (કુગુરૂ) કહેવાય તેનો નિર્ણય શ્રાવકો પોતાના અનુભવે અને સમજણથી નક્કી કરે.

ત્યાગીપણું પ્રાપ્ત કરીને (સંસારનો ત્યાગ કરીને) ત્યાગી જીવોએ નીચેના મુખ્ય પાંચ પરીણામો પ્રાપ્ત કરવાના હોય છે. (વૈરાગ્ય ધારણ કરવાનો હોય છે.)

૧. દેહનું મમત્વ ટાળવું.

૨. દેહને મળેલા નામનું મમત્વ ટાળવું.

૩. દેહથી ઓળખાતા સંબધોનું મમત્વ ટાળવું.

૪. દેહને લગતા પદાર્થોનું મમત્વ ટાળવું.

૫. દેહને આવતી શાતા-અશાતાના ઉપાયો પ્રત્યેનું મમત્વ ટાળવું.

આ પાંચ મુખ્ય કારણો (લક્ષણો)ની વિશેષ વિચારણા કરીએ.

૧. દેહનું મમત્વ ટાળવું. : જીવે અનંત ભવભ્રમણથી અને અજાણપણામાં આ ભવમાં દેહની કાળજી વિશેષ લીધેલી હોય છે. (આત્માનું વિસ્મરણ અને દેહનું સ્મરણ). જીવ જે સમયથી ત્યાગી બને છે, ત્યારથી જીવે દેહ ઉપરથી દ્રષ્ટિ હટાવીને સતત આત્મા ઉપર દ્રષ્ટિ રાખવાની હોય છે. અને સતત આત્માનું લક્ષ રાખીને સર્વ પ્રકારની ક્રિયાઓ કરવાની હોય છે. (સર્વ સમયની સામાયિક) તેમાં સંસારભાવનું સ્મરણ ન હોવું જોઈએ. જગતના પદાર્થોની વિચારણા ન હોવી જોઈએ અને દેહને અનુકુળતામાં રાખવાની સમજણ ન હોવી જોઈએ. કોઈપણ પ્રકારની પરનિંદા ન હોવી જોઈએ. કોઈપણ સંજોગમાં ક્રોધ ન હોય, કોઈપણ જીવો પ્રત્યે રાગ અને દ્વેષપણું ન હોય અને જીવ જ્યારે ત્યાગી બને છે ત્યારે લીધેલી પ્રતિજ્ઞા (હું મારા આત્માના કલ્યાણાર્થે ત્યાગી બનું છું) (વ્રત : હું મરણ પર્યંત સર્વ સમય માટે સામાયિકમાં રહીશ.) આવા પ્રકારની પ્રતિજ્ઞામાં અને વ્રતમાં જીવ દેહ છૂટે ત્યાં સુધી પુરૂષાર્થમાં રહેવો જોઈએ.

૨. દેહને મળેલા નામનું મમત્વ ટાળવું. : જીવ જ્યારે ત્યાગી બને છે ત્યારે પૂર્વનું પ્રાપ્ત થયેલું નામ અને એ નામનું જે કાંઈ મમત્વ કર્યું હોય, નામનું માન મેળવવા માટે જે પ્રયત્ન કર્યા હોય અને નામનું માન પોષવા માટે જે પ્રકારના ધર્મમાં અને સંસારમાં કાર્યો કર્યા હોય અને તે કાર્યોના અને માનના કારણે પોતાના નામનો ઘણા પ્રકારે પ્રચાર કર્યો હોય તે સર્વનું વિસ્મરણ કરવા માટે અને જગતથી અપરિચિત રહેવા માટે, ત્યાગ લેતી વખતે નામ બદલે છે. અને ત્યાગી જીવનમાં મળેલા નામને વિસ્મરણ કરીને ધર્મ ધ્યાન, વ્રત, તપ, જપ કરવાના હોય છે. (તેની પ્રસિધ્ધી કરવાની હોતી નથી). પોતાના આત્માનું કલ્યાણ થાય અને બીજા જીવોને આત્માનું કલ્યાણ કરવાની વૃત્તિ જાગે (યોગબળ મળે) તેવા પ્રકારના ધર્મ વિષેના સર્વ કાર્યો હોય છતાં પોતાના નામનો પ્રચાર અને પ્રસાર કોઈપણ સંજોગોમાં ન હોય તેવા પ્રકારનું ત્યાગી જીવન હોવું જોઈએ. અને પ્રચારના જે જે માધ્યમો હોય જેવા કે મોટા બોર્ડ, પત્રિકાઓમાં પોતાના નામનો આગ્રહ, નામની આગળ વપરાતા વિશેષણોનો આગ્રહ, વારંવાર પોતાના નામના છપાતા પુસ્તકો, પોતાના નામના ફંડ ફાળા (ટ્રસ્ટો) વિગેરે નામનો પ્રભાવ (નામનું મમત્વ) વધારવાના કારણો ગણાય. જો જીવ આવા કારણોમાં અટકે તો જીવનું પૂર્વનું નામ બદલાવીને નવું નામ ધારણ કર્યું તેનું પરીણામ આવવું અત્યંત મુશ્કેલ છે.

૩. દેહથી ઓળખાતા સંબધોનું મમત્વ ટાળવું. : જીવ જ્યારે ત્યાગી બને છે ત્યારે સંસારના જન્મથી મળેલા સંબંધો અને પાછળથી કેળવેલા સંબંધો અને એ સંબંધોમાં આવેલો રાગભાવ અને દ્વેષભાવને કાઢવા માટે અને એ સંબંધોનું વિસ્મરણ કરવા માટે અને એ વિસ્મરણના કારણે સહજ રીતે રાગ, દ્વેષનું મંદપણું થાય છે અને એ મંદપણું કાઢવા માટે ત્યાગી જીવનમાં પુરૂષાર્થ કરીને મમત્વભાવ ટાળવાનો હોય છે. અને ત્યાગી જીવનમાં નવા જીવો સાથે રાગ-દ્વેષ ન થાય અને નવા સંબંધોનું વળગણ ન વળગે એવો જીવે ઉપયોગ રાખવાનો હોય છે. અને જો જીવ ઉપયોગ ચૂકીને શિષ્યો વધારવા, શ્રાવકો વધારવા અને આ વધારો થવાથી રાગ-દ્વેષમાં વધારો થાય છે. અને જ્યાં રાગ-દ્વેષ મંદ કરીને મમત્વ ટાળવાનું હોય છે ત્યાં આગળ અનંતગણું મમત્વ વધી જાય છે. અને બીજા અનેક દોષો પ્રગટ થાય છે. તો જીવે જુના સંબંધોનું મમત્વ ટાળીને નવા સંબંધોનું મમત્વ વધાર્યું કે ટાળ્યું?

૪. દેહને લગતા પદાર્થોનું મમત્વ ટાળવું. : જીવ જ્યારે ત્યાગી બને છે ત્યારથી આત્મા અર્થે દેહને ગાળવાનો પુરુષાર્થ કરવાનો હોય છે, દેહ પ્રત્યેની દ્રષ્ટિ આત્મા તરફ વાળવાની હોય છે. (આત્મા પ્રત્યે આદરભાવ અને દેહ પ્રત્યે અનાદરભાવ) તે લક્ષમાં રાખીને દેહ સશક્ત ન બને (નિરોગી રહે), દેહનું સ્વરૂપ (વ્યક્તિત્વ) ન વિકસે, વિચારોમાં નિર્મળતા આવે, વિકારો નિર્મૂળ થાય, વાણીમાં સચ્ચાઈ આવે, વાણીમાંથી વિરુધ્ધતા અને વિષમતા ટળી જાય. અને જીવન દંભ રહિતનું બને એવા પ્રકારનાં પદાર્થોનું સેવન (નિર્દોષ આહાર) અને એવા પ્રકારના પદાર્થોનો વપરાશ (કિંમતી પદાર્થો ન હોય) જીવે ઉપયોગમાં રહીને રાખવો જોઈએ. અને જો ચૂકે તો જીવમાં અનંત દોષો જેવા કે યાચકપણું, આશ્રિતપણું, ખુશામતપણું, લાચારીપણું, ભયભીતપણું વિગેરે દોષો પ્રગટ થાય છે.

૫. દેહને આવતી શાતા-અશાતાના ઉપાયો પ્રત્યેનું મમત્વ ટાળવું. : જીવે અનંત ભવભ્રમણથી દેહને શાતામાં રાખવાની સમજણ મેળવેલી અને કેળવેલી હોય છે. અને દેહ શાતામાં રહે તેવા પ્રકારના રહેણાંક, વિહાર અને સાધનો મેળવવાની કોશિષ કરી હોય છે. અને દેહ જ્યારે પ્રતિકુળતામાં આવે છે ત્યારે પ્રતિકુળતાઓ દૂર કરવાના હમેંશા ઉપાયો ધારણ કરે છે જેવા કે બિમારીમાં દવાઓ લેવી, સંજોગો પ્રતિકુળ હોય તો ફેરવવા માટે તંત્ર, મંત્રનો આશરો લેવો અને બીજા જીવો પ્રતિકુળ હોય તો તેને અનુકુળ અને અનુરૂપ કરવા માટે અનેક પ્રકારની દેવ-દેવીઓની સાધના કરવી. આવી રીતે પ્રતિકુળતાને ટાળવા માટે હમેંશા જીવે નવા નવા ઉપાયો ધારણ કરે છે. તેના બદલે જીવ અનુકુળતા વખતે ઉદાસીન ભાવ (વૈરાગ્ય ભાવ) અને પ્રતિકુળતા વખતે ''મારા જ કર્મોનું ફળ મને પ્રાપ્ત થયું''. તેવી સમજણ કેળવીને નિમિત્ત પ્રત્યે કરૂણાયુક્ત ક્ષમાનો ભાવ ધારણ કરીને નિમિત્તને દોષ દેવાનો અવગુણ દૂર કરીને શાંત ભાવે ઉદયકર્મ સમજીને વેદી લે (જીવ ઉદયમાં આવેલા કર્મને વેદતો વેદતો અનંત નવા કર્મો બાંધે છે.) અને એ પ્રકારે જીવ શાતા-અશાતા પ્રત્યે સમભાવ રાખે અને તે ઉપયોગમાં રહે તો આત્માના કલ્યાણનું કારણ બને.

ઉપર જણાવેલા ત્યાગીના પાંચ લક્ષણો અને પરીણામોમાં જો જે ત્યાગી જીવ રહે તો સુગુરૂ કહેવાય અને પાંચ લક્ષણોમાં જે પડવાના લક્ષણોમાં જીવ રહે તો કુગુરૂ કહેવાય.

આવા પ્રકારના ત્યાગીના મુખ્ય મુખ્ય પાંચ લક્ષણોની (સાધનાના માર્ગે પ્રવેશતા સાધકના મુખ્ય પાંચ પુરૂષાર્થની) વિચારણા કરી. જે હેતુથી (આત્મકલ્યાણ માટે) ત્યાગીપણું સ્વીકાર્યું તે ત્યાગીપણામાં આત્મકલ્યાણ કરે તો સુગુરૂ કહેવાય અને આત્મકલ્યાણ ચૂકે અને પરપદાર્થમાં ઉપયોગ મૂકે (આત્મલક્ષ વગર) તો કુગુરૂ કહેવાય અને અનંત ભવ ભ્રમણમાં ભટકતા ભટકતા પુણ્યના યોગે અને કષાયોની મંદતાએ સર્વ શ્રેષ્ઠ કુળ, સર્વ શ્રેષ્ઠ ધર્મ, સર્વ શ્રેષ્ઠ દેવ, સર્વ શ્રેષ્ઠ સાધક અવસ્થા (સાધુ સંસ્થા) મળેલા હોવા છતાં સ્વચ્છંદના દોષે (ગુરૂ આજ્ઞામાં ન રહેવું), ગુરૂના નામ કરતાં પોતાના નામનું મહત્વ વધારવું અને પોતાનું નામ ધર્મના ઈતિહાસમાં આવે એવું પ્રભુત્વ સ્થાપવાની કોશિષ કરીને જીવ મળેલા યોગને ચૂકે છે અને અનંત ભવભ્રમણમાં ભટકે છે અને કેવીરીતે ભટકે છે તેની વિચારણા યોગે કરીને ભાવી લેખાંકમાં કરીશું.

આનંદ આનંદ આનંદ

આનંદ સ્વરૂપ * સત્સંગ, * આનંદ સ્વરૂપ * સત્સંગનું ફળ, * આનંદ સ્વરૂપની પ્રાપ્તિ.

આ લેખાંકમાં આપેલા પાંચ કારણોનો ગ્રંથિભેદ કરીને મહાપુરૂષમાંથી પરમપુરૂષપણું પામ્યા તેવા મહાપુરૂષોએ પૂર્વમાં ત્યાગી બનીને બળવાન સમજણસહીતનો પુરૂષાર્થ કર્યો અને જેમણે સંસારમાં રહીને બળવાન યોગબળથી પુરૂષાર્થ કર્યો અને પરિણામો પ્રાપ્ત કર્યા તેવા પરમજ્ઞાની મહાપુરૂષોને ભવોભવની ત્રિકાળ વંદના, પરમ ઉપકારી ભાવથી ત્રિકાળ વંદના અને અત્યંત અહોભાવથી ત્રિકાળ વંદના અને વિશેષપણે ''સહજાત્મસ્વરૂપ પરમગુરૂ''થી આગળ વધીને ''ૐ શ્રી સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરૂ'' ગણીને જેમણે આત્માની સમજણ આપી, મોક્ષમાર્ગની જાણકારી આપી અને સદ્‌ગુરૂનું માહાત્મ્ય ઓળખાવ્યું તેવા મહાપુરૂષોને સદ્‌ગુરૂને બદલે ''કલિકાળ સર્વજ્ઞદેવ (પરમાત્મા)'' સ્વરૂપે માનવા જોઈએ અને એવા જ્ઞાની મહાપુરૂષોના શબ્દોના લખાણને વાણી સ્વરૂપે લઈને 'સદ્‌ગુરૂ વગર સમકિત નથી' ને યથાર્થ સ્વરૂપે જીવનમાં ઉતારીને આ ભવે અથવા ભાવી ભવોમાં સદ્‌ગુરૂનો યોગ થાય, તેને ઓળખી શકાય અને તેમને આરાધી શકાય તેવા ગુણો પ્રાપ્ત કરવાનો પુરૂષાર્થ કરીને જીવન સફળ બનાવવું તેજ પરમપુરૂષોને અંજલી કહો કે શ્રધ્ધાંજલી કહો, તેજ બાળજીવોનું ધ્યેય હોવું જોઈએ.

સદેહે જીવનમાં સદ્‌ગુરૂ એક જ હોય. પૂર્વમાં થયેલા સદ્‌ગુરૂ હાજરના જીવો માટે ''પરમાત્મા સ્વરૂપ હોય''.

ૐ પ્રભુ ૐ પ્રભુ ૐ પ્રભુ ૐ પ્રભુ ૐ પ્રભુ

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.